# છત્તીસગઢના આદિવાસી લોકનૃત્યોનો અભ્યાસ

અલ્પાકુમારી એમ. મિસ્ત્રી
પીએચ. ડી. વિદ્યાર્થિની,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

ડૉ. હિતેન્દ્રસિંહ વાય. ખરવાસિયા
માર્ગદર્શક અને આચાર્ય, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા, જી. તાપી
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

## ૧.પ્રસ્તાવના

નૃત્યની પરંપરા પ્રાચીનકાળથી અસ્તિત્વ ધરાવે છે. સમયાંતરે સભ્યતા અને સંસ્કૃતિના વિકાસની સાથે નૃત્યકળા પણ વિકસવા લાગી. નૃત્યની મુદ્રા, સંકેતો, અંગ ચેષ્ટા, ગીતોનો સંગમ અને વેશ પરિધાનથી નૃત્યની શોભામાં અભિવૃદ્ધિ થઈ છે. ભારતીય સંસ્કૃતિમાં વિવિધતામાં એકતા રહી છે. ભારતના અલગ અલગ રાજ્યોમાં રહેતા આદિવાસીઓના લોકનૃત્યોમાં વિવિધતા અને વિશિષ્ટતા જોવા મળે છે. પ્રસ્તુત લેખમાં છત્તીસગઢના સુઆ નૃત્ય, ગેંડી નૃત્ય, રીલો નૃત્ય, મંદારી નૃત્ય અંગે સંક્ષિપ્ત માહિતી રજૂ કરેલ છે. આ આદિવાસી નૃત્યોમાં આદિવાસી લોકસંસ્કૃતિ તથા કેટલાંક નૃત્યો સાથે જોડાયેલી ઐતિહાસિક બાબતોને પણ સાંકળી લેવામાં આવેલ છે.

## ૨. નૃત્યો અને તેની સાથે જોડાયેલી ઐતિહાસિક બાબતો

### *૨.૧ સુઆ નૃત્ય*

આદિવાસી લોકજીવન અને કૃષિ બંને એકમેકની સાથે સંકળાયેલા છે. કૃષિક્રિયા સાથે તેઓ સૌ લાગણીના તંતુથી જોડાયેલા હોય છે. આથી જ તો ખેતરમાં વાવેલ પાકમાં મોર બેસવા લાગે અથવા ડાંગરનો પાક પરિપક્વ બની જાય છે તે સમયે સુઆ નૃત્ય કરવામાં આવે છે. મધ્યપ્રદેશ અને છત્તીસગઢ આ બંને રાજ્યોમાં આ નૃત્ય લોકપ્રિય છે. મહદઅંશે આ નૃત્ય મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. દિવાળીના ઉત્સવ પહેલા જ આ નૃત્ય કરવામાં આવે છે અને દિવાળીની રાત્રે શિવ અને ગૌરીના વિવાહ કાર્ય સંપન્ન કરવામાં આવે છે. જેને કારણે આ નૃત્યને ગૌર નૃત્ય એમ પણ ઓળખવામાં આવે છે. દિવાળીના સમયે આદિવાસી સ્ત્રીઓ સુઆ ગીત ગાય છે અને સુઆ નૃત્ય કરે છે. સુઆ શબ્દોનો અર્થ 'પોપટ' થાય છે. સુઆ નૃત્યમાં ગવાતા ગીતો પોપટને સંબોધીને ગાવામાં આવે છે. એક ગામની સ્ત્રીઓ સામૂહિક અથવા તો નાના નાના જૂથમાં વહેંચાઈને કે નાની ટોળકી બનાવીને ટોળામાં નજીકના પાડોશી ગામમાં જઈ ગોળાકાર વૃંદ બનાવી તાળીઓના થાપ પર નૃત્ય કરે છે. ગોળાકાર વૃંદના ઘેરાવાની મધ્યે એક સ્ત્રીને માથે લાલ રંગના કાપડથી ઢાંકી દેવામાં આવે છે અંદર ધાન-અનાજ ભરવામાં આવે છે. ખાસ તો તેમાં માટીથી આવેલ પોપટને શણગારીને મૂકવામાં આવે છે. આ પોપટને શિવ-પાર્વતીના પ્રતીક સ્વરૂપે પૂજવામાં આવે છે. અર્થાત આ પોપટને જ શિવ-પાર્વતીનું પ્રતીક સ્વરૂપ માનવામાં આવે છે. નૃત્ય કરતી વખતે લાલ કાપડથી ઢાંકેલા સુઆ એટલે કે પોપટ પરથી લાલ કાપડના આવરણને હટાવી લેવાય છે અને ત્યારબાદ સમૂહમાં સુઆ ગીત ગાવામાં આવે છે. ગોળાકાર બનાવી વાંકા વળીને તાળીઓના નાદથી સુઆ નૃત્યની રમઝટ જામે છે. દિવસે ગૌર પૂજા અને રાત્રે સુઆ નૃત્યથી આનંદોલ્લાસ કરવામાં આવે છે. સુઆ નૃત્યમાં વાદ્યોનું વિશેષ મહત્ત્વ નથી. પણ ગીતો અને નૃત્યની સુંદરતામાં વધારો કરવા કેટલાક વાદ્યોનો ઉપયોગ કરી શકાય છે. આ નૃત્યમાં મહદઅંશે નવવિવાહિત સ્ત્રીઓ સહભાગી થાય છે.

### *૨.૨ ગેંડી નૃત્ય/ ડીટોંગ પાટા*

આદિવાસી પ્રકૃતિનો પૂજારી છે. પ્રકૃતિનામાં રહી પ્રકૃતિના જ કેટલાક ઘટક તત્ત્વો કે સ્ત્રોતોનો ઉપયોગ કરીને આદિવાસી સમાજ પ્રાકૃતિક ઋતુ પરિવર્તનની મજા અને મર્યાદાને અનોખી રીતે માણે છે. જેનું ઉત્તમ ઉદાહરણ છે ગેંડી નૃત્ય. ચોમાસાની ઋતુમાં ગ્રામ્ય વિસ્તારમાં ઘરની આજુબાજુમાં, ઘર આંગણે અને ગલી-ગલીએ કીચડ હોય છે. જેમાં ચાલવું સૌથી વધુ મુશ્કેલ હોય છે. ત્યારે ગામડાના આદિવાસી બાળકો અને યુવાનો વાંસની ગેંડી બનાવીને તેના ઉપર ચઢીને ચાલે છે અને કીચડમાં ગેંડીથી ચાલવાની મજા માણે છે. બે લાંબા વાંસને નીચેના છેડાથી લગભગ દોઢથી બે ફુટની ઊંચાઈએ ટેકો આપવા વાંસના દોઢ ફૂટ લાંબા ટુકડાઓ બનાવીને તેની સાથે ખાચો બાંધી દેવામાં આવે છે. વાંસની અનોખી સવારી બનાવી તેના પર ચાલવા પાછળનો મૂળ હેતુ ચોમાસામાં કાદવથી ખરડાયેલા રસ્તાઓથી બચવાનો છે. ગેંડી વાંસ અને લાકડા એમ બંનેમાંથી બનાવવામાં આવે છે જેમાં લાકડા અને વાંસને દોરડાથી મજબુત રીતે બાંધવામાં આવે છે. પ્રકૃતિના પરિવર્તન કે મર્યાદા-આફતોથી બહાર નીકળવા માટે પણ પ્રાકૃતિક સંસાધનોનો ઉપયોગ કરવાની કળા આદિવાસીઓની રગે રગમાં રહેલી છે. જે માનવ ઉત્ક્રાંતિવાદ અને પ્રકૃતિ વચ્ચેના સાયુજ્યની ઝાંખી રજૂ કરે છે.

આ ગેંડી સાથે એક ઐતિહાસિક ઘટના પણ જોડાયેલી છે જેના કારણે તેનું નૃત્ય સ્વરૂપ પ્રચલિત થયું. લોકસંગીતના નિષ્ણાંત સ્વ.શ્રી શેઠ ગુલાબજી મંડલા જિલ્લાની કલાપી મિડલ સ્કૂલમાં વર્ષ ૧૯૫૨માં નૃત્ય શીખવતા હતા. ત્યારે ગામડેથી આવેલા કેટલાક છોકરાઓએ સ્કૂલના નૃત્ય જોયા પછી એ જ છોકરાઓમાંથી એક છોકરો મેરી ગોલ્ડ પર ચડી ગયો અને નૃત્યની નકલ કરવા લાગ્યો. નૃત્યની નકલ કરનાર છોકરાને જોઈને સેઠ ગુલાબજી ખૂબ રાજી થયા. આ ઘટનાથી પ્રેરિત થયેલા ગુલાબજીએ ગેંડી નૃત્યની રચના અને પ્રચાર પ્રસાર માટે દ્રઢ સંકલ્પ કર્યો. તેમણે શાળાના બાળકોને નાની ઢીંગલી બનાવી નૃત્યની તાલીમ આપવાનો પ્રયાસ શરૂ કર્યો. તેમના અથાગ પ્રયત્નોને કારણે ગેંડી નૃત્યની વિવિધ શૈલીઓ વિકસાવવાની સફળતા તેમણે પ્રાપ્ત કરી હતી. શેઠ ગુલાબજીએ ઈ. સ.૧૯૫૪માં ભારતના પ્રજાસત્તાક દિવસના અવસરે સૌ પ્રથમ વખત ગેંડી નૃત્ય પ્રસ્તુત કરવાનું સન્માન મેળવ્યું હતું.

શરીર સંતુલન સંતુલિત કરવા અને વાદ્યોના તાલે નૃત્ય કરતી વખતે વાંસ કે લાકડાથી બાંધેલા પાટિયા પર ઉભા રહીને આ નૃત્ય ગોળ, અર્ધવર્તુળ અને સીધી હરોળમાં કરવામાં આવે છે. અમમુસ સિંહ ઉત્સવના દિવસે ગ્રામ્યવાસીઓ દેવીની પૂજા કરે છે. પૂજન- અર્ચન બાદ ગામના યુવાનો ગેંડી પર ચઢે છે અને નૃત્ય કરે છે. યુવાનોની માતા ગેંડીની સાત વખત પરિક્રમા કરે છે. ઘરે ઘરે આ નૃત્ય કરવામાં આવે છે. તે દરમિયાન પ્રાપ્ત થયેલી વિવિધ સામગ્રીને આદર અને ભક્તિપૂર્વક દેવીને અર્પણ કરવામાં આવે છે. અંતે ભોજન બનાવવામાં આવે છે અને સાથે મળીને સૌ ગ્રામજનો સમૂહ ભોજન કરે છે.

### *૨.૩ રીલો નૃત્ય*

છત્તીસગઢના બસ્તર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રીલો નૃત્ય કરવામાં આવે છે. આ પ્રદેશમાં રહેતી આદિમ જાતિઓ દ્વારા શુભ પ્રસંગો કે તહેવારોમાં રીલો નૃત્ય કરવામાં આવે છે. આ નૃત્યમાં ૨૦ થી ૫૦ યુવક- યુવતીઓ ભાગ લે છે. તેઓ કતારબદ્ધ એકબીજાની કમર પકડીને લાંબી હરોળ બનાવી જુદા જુદા આકારો બનાવી સૌને મનોરંજનના આનંદની અનુભૂતિ કરાવે છે. વર્તુળાકાર, અર્ધવર્તુળાકાર કે સર્પાકાર ચળવળમાં નૃત્ય દ્વારા નૃત્યમાં આદિવાસીઓની ભૌમિતિક સુઝની ઝલક જોવા મળે છે. આ નૃત્યની વિશેષતા એ છે કે તે ચંદ્રના પ્રકાશમાં પણ કરવામાં આવે છે. રીલો નૃત્ય માટે કોઈ વિશેષ અલગ પોશાક નથી. રોજીંદા જીવનમાં પહેરાતા પહેરણો સાથે જ આ નૃત્યની રમઝટ જમાવવામાં આવે છે.

### *૨.૪ માંદરી નૃત્ય*

મહદઅંશે બસ્તર વિસ્તારના આદિવાસીઓ માંદરી નૃત્યમાં ખૂબ જ ઉત્સાહભેર જોડાય છે. આ નૃત્યમાં માટી અથવા લાકડામાંથી બનાવેલમાંદરી ઢોલના નાદે નૃત્યની રમઝટ જામે છે. માંદરી નૃત્યમાં અનેક કદમ તાલ મુજબ નૃત્ય કરવામાં

આવે છે. માંદરી નૃત્ય લગ્નમાં કે સામૂહિક મનોરંજન માટે કરવામાં આવે છે. લગ્ન પ્રસંગોમાં જ્યારે લગ્ન મંડપ બનાવવા માટે લાકડા, સ્તંભો કે થાંભલા લગાવવામાં આવે છે ત્યારે તેમજ જ્યારે વરરાજાને ગામમાં આવકારવામાં આવે છે ત્યારે અને જ્યારે વર કન્યાને લગિર વિધિ માટે લઈ આવે છે ત્યારે આ નૃત્ય કરવામાં આવે છે.

આ નૃત્યનો પ્રારંભ અન્ય નૃત્ય કરતા વિશેષ છે. આ નૃત્યમાં નૃત્યકારો સરળ રીતે ઉભા રહે છે. બે હરોળમાં છોકરાઓ અને બે હરોળમાં છોકરીઓ - આ મુજબ વૃંદમાં તેઓ સૌ ઉત્સાહથી ડગલા ભરી આગળ વધે છે, અટકે છે, એક બે ડગલું પાછળ જાય અને પછી ફરી આગળ વધવા લાગે છે. ખૂબ ઝડપથી આગળ તો ક્યારેક ઝડપથી પાછળ ખસી જાય છે. આમ તેઓની એકસાથે વૃંદમાં આગળ-પાછળ ડગલાં ભરવાની ગતિની પણ વિશિષ્ટતા હોય છે જે નૃત્યની શોભામાં વધારો કરે છે. ત્યારબાદ નૃત્યની પ્રથમ મુખ્ય કદમતાલની શરૂઆત ખૂબ જ સરળતા અને સહજતાથી થાય છે. જેમાં નૃત્યકારો ગોળાકાર વર્તુળમાં ઝડપથી આગળ વધે છે. તેમના ઘૂંટણને થોડા વાળેલા રાખે છે. છોકરીઓ ગીતો ગાય છે જેના સુર ઢોલના નાદ આધારિત હોય છે. આમ તો સામાન્ય રીતે આ નૃત્યનો લય સાથે કોઈ સીધો કે ગાઢ સંબંધ નથી. કારણ કે આ નૃત્યનો કોઈ નિશ્ચિત ક્રમ નથી. સમય, સ્થળ અને પરિસ્થિતિ મુજબ જૂથના નેતાના આદેશ પર માંદર વગાડતી વખતે નૃત્યકારો ક્યારેય પાછા વળે છે તે પાછળ ખસે છે અથવા વિરુદ્ધ દિશામાં જાય છે અથવા કદમ તાલમાં એક ડગલું પાછળ જાય છે. આ નૃત્ય મહદંશે ગોળ વર્તુળમાં થાય છે.

### ૩. ઉપસંહાર

આદિવાસી સંસ્કૃતિ અને પરંપરા એ છત્તીસગઢના આદિવાસી નૃત્યોમાં મહત્વની નોંધનીય બાબત ગણાવી શકાય. પ્રસ્તુત લેખમાં રજૂ કરેલ તમામ નૃત્યમાં આદિવાસીઓના લોકજીવન તથા પ્રકૃતિ પ્રેમને વર્ણવે છે. માંદરી નૃત્ય, રીલો નૃત્ય, સુઆ નૃત્યમાં સ્ત્રી-પુરુષ બંને પરસ્પર સમાનતાના ધોરણે ભેદભાવ વિના નૃત્યની મજા માણે છે. આવા નૃત્યમાં સ્ત્રીને પણ આદિવાસી સમાજમાં સમાનતાનો દરજ્જો આપવામાં આવે છે. છત્તીસગઢના આ નૃત્યોમાં સ્ત્રીસ્વાતંત્ર્યની ઝાંખી જોવા મળે છે. ગેંડી નૃત્યમાં આદિવાસીઓની કલા-કૌશલ્ય અને પ્રકૃતિ પ્રેમને પ્રસિદ્ધિ અપાવનાર શેઠ ગુલાબજીના જીવન પ્રસંગોમાં સમાજ ઉત્કર્ષ માટેના પ્રયાસો તથા તેઓના આદિવાસી નૃત્યકલાને નિહાળવાનો દ્રષ્ટિકોણ સ્પષ્ટપણે સમજી શકાય છે. આમ, છત્તીસગઢના આદિવાસી લોકનૃત્યોનો વૈભવ ખરેખર જાણવા અને માણવા જેવો છે.

### સંદર્ભસૂચિ

૧. શુક્લ, હીરાલાલ, (૨૦૧૨). 'આદિવાસી સંસ્કૃતિ, સંગીત એવં નૃત્ય', બી. આર. રીથમ્સ, દિલ્હી.
૨. વર્મા, વિનોદ (૨૦૨૩). 'છત્તીસગઢ કી સંસ્કૃતિ', પરંપરા પબ્લિકેશન.
૩. તડવી, રેવા બહેન (૧૯૭૯). 'આદિવાસીઓનો કલા વારસો', ઝરણું પ્રકાશન, પાવીજેતપુર.
૪. https://www.hindibook.com
૫. https://cgculture.in